જામનગરથી રાજપૂત અગ્રણીઓ દ્વારા

# માતાના મઢ જતા આશાપુરા પદયાત્રા રાજપૂત સંઘને વિદાય

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

શ્રી આશાપુરા પદયાત્રા રાજપૂત સંઘ ૨૮ વર્ષથી જામનગરથી માતાના મઢ આસો નવરાત્રિમાં પગપાળા જાય છે આ વખતે પણ ૭૦૦ થી ૮૦૦ ભાઈઓ બહેનો આ સંઘમાં સંઘપતિ પ્રવિણસિંહ નટુભા જાડેજાની આગેવાનીમાં જોડાયા છે. દિગુભા જાડેજા, રણજીતસિંહ જાડેજા સહિતના સહકાર્યકરો સેવામાં લાગી ગયા છે. જામનગરના દરબારગઢ સ્થિત નાના આશાપુરા મંદિરેથી રાજપૂત અગ્રણીઓએ પદયાત્રીઓને વિદાય આપી હતી. જેમાં પૂર્વમેયર દિનેન્દ્રસિંહ ઝાલા, પ્રવિણસિંહ કે. જાડેજા (રાજપૂત શક્તિ), જગદીશસિંહ હકુભા જાડેજા, કોર્પોરેટર જયેન્દ્રસિંહ ઝાલા, કાંતુભા જાડેજા, આર.ટી.ઓ અધિકારી ચુડાસમા, વિજયસિંહ ચૌહાણ સહિતના રાજપૂત આગેવાનોએ પદયાત્રીઓને વિદાય આપી હતી આ પદયાત્રીઓ આગામી તા. ૫ ઓકટોબરને બીજા નોરતે માતાના મઢ (કચ્છ) માં આશાપુરાના દરબારમાં પહોંચશે.

નીચેની કોર્ટનો હુકમ ઉપલી અદાલતે યથાવત રાખ્યોઃ

# પતિની મિલકતમાંથી હિસ્સો મેળવવા યુવતીએ કરેલી અપીલ રદ્દ કરવા આદેશ

*જામનગર તા. ૨૪: જામનગરના એક યુવતીએ પોતાના પતિની સ્વપાર્જીત કે વડીલોપાર્જીત મિલકતમાંથી હિસ્સો મેળવવા ૨૧ વર્ષ પહેલાં અદાલતનો આશરો લીધો હતો. તેનો હુકમ ૭ વર્ષ પહેલાં થયો હતો જેમાં દાવો રદ કરાયો હતો. તે હુકમ સામે કરવામાં આવેલી અપીલ પણ ઉપરની અદાલતે રદ કરી છે.*

જામનગરમાં રહેતા સદ્ગત વનરાજભાઈ લાભશંકર મહેતાની વડીલોપાર્જીત અને સ્વપાર્જીત મિલકતમાં હિસ્સો મેળવવા માટે પલ્લવીબેન લવાએ વર્ષ ૨૦૦૩માં દાવો કર્યો હતો. તે દાવાનો ચુકાદો વર્ષ ૨૦૧૭માં આવ્યો હતો અને તે બાબતે કાનૂની મુદ્દાઓ પર તે દાવો રદ કર્યો હતો.

તે હુકમ સામે આ યુવતીએ અપીલ નોંધાવી હતી. અપીલ ચાલવા પર આવતા પલ્લવીબેને અગાઉ કરેલા લગ્નમાં હિન્દુ મેરેજ એક્ટ અનુસાર છૂટાછેડા સાબિત થયા નથી, તે સાબિત થયા વગર સદ્ગત વનરાજભાઈ સાથે કહેવાતા થયેલા લગ્ન હિન્દુ મેરેજ એક્ટની કલમ ૧૧ મુજબ વોઈડ મેરેજ કહી શકાય, વનરાજભાઈ સાથે કહેવાતા લગ્નમાં સપ્તપદી કે ફેરા વગેરે વિધિ કરવામાં આવી નથી, માત્ર મેરેજ મેમોરેન્ડમ કરવામાં આવ્યા હોય તો તે લગ્ન કાયદેસર ન ગણી શકાય તેવી દલીલ કરવામાં આવી હતી. તે ઉપરાંત બંને વ્યક્તિ પતિ-પત્ની તરીકે સાથે રહ્યા હોય તે પણ સાબિત થતું નથી તેથી સ્વ. વનરાજભાઈની મિલકતમાં આ સ્ત્રી કે તેના સંતાનને કાયદા મુજબ કોઈ હક્ક મળતો નથી તેવી દલીલ કરાઈ હતી.

તે ઉપરાંત આ યુવતીની જુબાનીમાં તેઓએ પોતાના પ્રથમ લગ્નના છૂટાછેડા તેમજ અન્ય બાબતો સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે. તેવી પણ દલીલ કરાઈ હતી. અદાલતે બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી આ યુવતીની અપીલ રદ્દ કરવાનો હુકમ કર્યો છે અને નીચેની કોર્ટનો હુકમ કાયમ રાખ્યો છે. સામા પક્ષે વકીલ મિતેશ પટેલ, ડી.એલ. મહેતા, એચ.ડી. જોષી રોકાયા હતા.

શાળાકીય રમતોની સ્પર્ધા હેઠળ

# જામનગરમાં યોજાઈ શૂટીંગ અને આર્ચરીની સ્પર્ધાઓ

જામનગર તા. ૨૪: રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા રમત ગમત અધિકારી, જામનગર શહેર દ્વારા સંચાલિત અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા ૨૦૨૪-૨૫ની મહાનગરપાલિકા કક્ષાની અંડર ૧૪,૧૭ અને ૧૯ વયજૂથની ભાઈઓ અને બહેનોની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૫ સપ્ટેમ્બરના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ જામનગરમાં યોજાયેલ બાસ્કેટ બોલ સ્પર્ધામાં ૪૫ ટીમે ભાગ લીધો હતો. તા. ૧૭ સપ્ટે.ના એસવીએમ, આણંદાબાવા સંસ્થામાં સંસ્થાના સહયોગથી યોજાયેલ આર્ચરી સ્પર્ધામાં ૧૩૫ ખેલાડીએ ભાગ લીધો હતો અને તા. ૧૮ સપ્ટેમ્બરના કેદાર લાલ શુટીંગ એકેડેમીમાં યોજાયેલ શુટીંગ સ્પર્ધામાં ૧૪૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. વિજેતા ટીમ અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા-૨૦૨૪-૨૫ રાજ્ય કક્ષાએ યોજાનાર સ્પર્ધામાં ભાગ લેશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારી બી.જે. રાવલીયાએ જણાવ્યું છે.

ઉચ્ચ પદ પર બિરાજતા અને સેવાભાવી લોકોનું સન્માન

# જામનગરમાં મકરાણી-બલોચ સમાજના વ્યક્તિવિશેષોની રવિવારે યોજાશે બેઠક

જામનગર તા. ૨૪: મકરાણી - બલોચ સમાજના સામાજિક, શૈક્ષણિક, સર્વાંગી વિકાસને આગળ ધપાવવા અભિગમ ધરાવનાર સમાજને ગૌરવરૂપ વિશિષ્ટ સેવા સાથે સંકળાયેલા સિવિલ, અગ્રણીઓ, સેવાભાવીઓ તેમજ હાલમાં સરકારના જુદા-જુદા વિભાગ, ખાતા, કચેરીઓમાં અગ્રેસર પોસ્ટ પર ફરજ બજાવતા વિશિષ્ટ સેવાભાવીઓનું સન્માન કરવામાં આવનાર છે. આથી આવા લોકોએ તા. ૨૭-૯-૨૦૨૪ સુધીમાં વિગત, મહિતી રજૂ કરવા અપીલ કરવામાં આવી છે.

ઉપરોક્ત કેટેગરીના મકરાણી-બલોચ સમાજના વિશિષ્ટ વ્યક્તિઓના સન્માન-સત્કાર માટે તેમજ તેઓની સેવાનો લાભ સમાજ સ્તરે લઈ સમાજને નવી ઉંચાઈ ઉપર લાવવા તા. ૨૯-૯-૨૦૨૪ અને રવિવારના રાત્રે ૮.૦૦ કલાકે સંસ્થાના મકરાણી કોમ્યુનિટી હોલ, કિશાન ચોક પાછળ, જામનગરમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમાં સમુહશાદીની ખાસ ચર્ચા-વિચારણાની નિર્ણય લેવામાં આવનાર હોય, ઉક્ત લાયકાત ધરાવતા સેવાભાવી, સરકારમાં અગ્રેસર પોસ્ટ પર ફરજ બજાવતા ખારા વ્યક્તિઓએ પોતાની સેવા, વિગત તા. ૨૭-૯-૨૦૨૪ સુધીમાં મકરાણી જમાત કબ્રસ્તાન અને ગેબનશાહ પીર, કિશાન ચોક પાછળ, જામનગરમાં પહોંચાડવા તેમજ ઉક્ત ખાસ મિટિંગમાં ઉપસ્થિત રહી સમાજના સર્વાંગી વિકાસમાં સહભાગી થવા જાનમામદભાઈ મામદભાઈ બલોચ (પ્રમુખ-મકરાણી જમાત - કબ્રસ્તાન અને ગેબનશાહપીર)એ અનુરોધ કરેલ છે.

## ચિરવિદાય

હાલ પોરબંદર નિવાસી (મૂળ જામનગરના) બિપીનભાઈ અમૃતલાલ ગણાત્રા, તે સ્વ. કવિતાબેન ગણાત્રાના પતિ તેમજ ઉર્વશી જીગરકુમાર દત્તાના પિતા, જયેશભાઈ અને પરેશભાઈ અમૃતલાલ ગણાત્રા (ભાયંદર - મુંબઈ) તેમજ રીટાબેન દત્તા (રાજકોટ) તથા માધવીબેન પોપટ (મુંબઈ) ના મોટાભાઈનું તા. ૨૩-૯-૨૦૨૪ ના અવસાન થયેલ છે.

## મહાલક્ષ્મી મંદિરમાં પાટોત્સવ નિમિત્તે હવન

જામનગર તા. ૨૪: જામનગરના મહાલક્ષ્મી મંદિર ટ્રસ્ટ દ્વારા તા. ૨૫-૯-૨૪ ના મહાલક્ષ્મી મંદિરમાં પાટોત્સવ નિમિત્તે હવનનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૧:૩૦ વાગ્યે બીડું હોમવામાં આવશે.

## મરહુમની મજલીસ

જામનગરના સલીમબીન હનીફભાઈ અબ્હાન, તે બોદુભાઈ સ્ટાર ગેરેજવાળાના ભત્રીજાનું અવસાન (ઈન્તેકાલ) થયેલ છે. મરહુમના સવાબ માટે ઝિયારતની મજલીસ તા. ૨૪-૯-૨૦૨૪ ના ઈશા નમાઝ પછી અરબ મસ્જિદ, આરબ કુણી, લંધાવાડના ઢાળીયા પાસે, જામનગરમાં રાખેલ છે.

## વાએઝ શરીફ

જામનગરના બોદુભાઈ અ.સતારભાઈ પીઠડીયાને ત્યાં લગ્નપ્રસંગે વાએઝ શરીફનો નુરી જલ્સો તેમના નિવાસસ્થાન ટીંટોડી વાડી, ખોજાના નાકા પાસે, જામનગરમાં રાખેલ છે. જેમાં રતનબાઈ મસ્જિદના પેશ ઈમામ મૌલાના મુસ્તાકબાપુ કાદરી ચિશ્તી હબીબી નુરી તકરીર ફરમાવશે.

મ્યુનિ. કમિશનર અને મનપાના અધિકારીઓએ

# ડીપી કપાતના ૧૦૦ થી વધુ અસરગ્રસ્તોને રૂબરૂ સાંભળ્યા

જામનગર તા. ૨૪: જામનગરમાં સ્વામિનારાયણ નગરની ગાંધીનગર સુધી ૧૨ મીટર પોહળાઈના ડીપી રોડ માટે ગઈકાલે અસરગ્રસ્તોને રૂબરૂ સાંભળવામાં આવ્યા હતાં. આ કામગીરી ત્રણ દિવસ સુધી ચાલનાર છે.

સ્વામિનારાયણ નગરની ગાંધીનગર સુધીની ૧૨ મીટર પોહળાઈનો રોડ બનાવવાનું આયોજન છે. આ માટે માર્ગમાં આવતા ૩૩૧ મકાન-મિલ્કતોની કપાત કરવાની જરૂર રહેતી હોવાથી આવા આસામીઓને નોટીસ આપવામાં આવી હતી અને રૂબરૂ સાંભળવા માટે બોલાવાયા હતાં. ગઈકાલે ૧૦૦ થી વધુ અસરગ્રસ્તોને રૂબરૂ સાંભળવામાં આવ્યા હતાં. મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, સીટી ઈજનેર ભાવેશ જાની સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને તમામ અરજદારોની રજુઆતો રૂબરૂ સાંભળી હતી.

રાજકોટ ડિવિઝનના આરપીએફ સ્ટાફે પકડ્યાઃ

# હાપા રેલવે યાર્ડમાં પોણા બે લાખના વાયરની ચોરી કરનાર ત્રણ ઝડપાયા

*જામનગર તા. ૨૪: જામનગરના હાપા રેલવે યાર્ડમાંથી રૂપિયા પોણા બેએક લાખના વાયરની ચોરી થઈ હતી. તેની તપાસ રાજકોટ ડિવિઝનના આરપીએફ સ્ટાફે હાથ ધર્યા પછી ત્રણ શખ્સને ચોરાઉ વાયર સાથે પકડી પાડ્યા છે.*

જામનગર નજીકના હાપામાં આવેલા રેલવે વિભાગના યાર્ડમાંથી ઈલેક્ટ્રીક વાયરના વાયરની ચોરી થઈ હતી. સેન્ટીંગ લાઈનમાંથી ૩૬૪ મીટર લંબાઈ અને અંદાજે ૨૮૩ કિલો વાયર ચોરાઈ ગયો હતો. રેલવે કર્મચારી દ્વારા કુલ રૂા.૧ લાખ ૭૦ હજારના વાયર ચોરીની ફરિયાદ કરાઈ હતી.

ઉપરોક્ત ગુન્હાની તપાસ માટે વિશેષ ટીમની રચના કરાઈ હતી. જેમાં આઈપીએફ હરીપ્રકાશ વર્મા, ઋષિકાંત રાય, ડિવિઝનલ ઈન્સ. દીપક મરીચી તપાસમાં જોતરાયા હતા. તેમાં આરપીએફના સ્ટાફને મળેલી બાતમીના આધારે હાપા રેલવે કોલોનીમાં આઈઓડબલ્યુ ઓફિસ પાછળ આવેલી ગટરમાંથી કેટલોક વાયર કબજે કરાયો હતો.

ત્યારપછી આગળ વધેલી તપાસમાં રેલવે પોલીસે ત્રણ શખ્સની અટકાયત કરી પૂછપરછ કરતા આ શખ્સોએ ચોરીની કબૂલાત આપી છે અને ૧૭૪ કિલો કેટેનરી વાયર અને ૧૦૮ કિલો અલગ વાયર કાઢી આપ્યો છે. આ શખ્સોની પૂછપરછ કરાઈ રહી છે.

જિલ્લા માર્ગ-સલામતી સમિતિની બેઠકમાં

# જામનગર જિલ્લામાં ૧૬ બ્લેક સ્પોટ નક્કી કરાયા

**તત્કાળ રોડ રિસરફેસીંગ, રમ્બલ સ્ટ્રીપ્સ, સાઈન બોર્ડ, હેઝર્ડ માર્કિંગ, ન્યુ ઝીબ્રા કોસિંગ માર્કિંગ સહિતની કામગીરી અદ્યતન કરવા કલેક્ટરની તાકીદ**

જામનગર તા. ૨૪: જિલ્લા કલેક્ટર બી.કે. પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી.

કલેક્ટર બી.કે. પંડ્યાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા માર્ગ સલામતી સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં કેશ બેરિયર્સ, બ્લેક સ્પોટ નિવારણ, સીસી ટીવી સર્વેલન્સ, સોલાર સ્ટ્રીટ લાઈટ્સ, પાર્કિંગ સ્પોટ, રોડ રિસરફેસીંગ, રોડ માર્કિંગ, જનજાગૃતિલક્ષી શિબિરના આયોજન વગેરે જરૂરી મુદ્દાઓ વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકમાં થયેલી ચર્ચા અનુસાર બ્લેક સ્પોટ ધરાવતા માર્ગ પર કેશ બેરિયર્સ, ફૂટ ઓવર બ્રીજ મૂકાવવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આરટીઓ કચેરી સાથે સંલગ્ન તમામ કચેરીઓ માર્ગ સલામતી માટે કરાયેલ કામગીરીનો નિયમિત અહેવાલ રજૂ કરે તેમ કલેક્ટરે જણાવ્યું હતું. જામનગર જિલ્લામાં હાલમાં ૧૬ જેટલા બ્લેક સ્પોટ આઈડેન્ટિફાય કરવામાં આવ્યા છે.

આ બાધા બ્લેક સ્પોટવાળા વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે રમ્બલ સ્ટ્રીપ્સ, રોડ માર્કિંગ, રોડ પર વિવિધ સાઈનના બોર્ડ, હેઝર્ડ માર્કિંગ, રોડ રિસરફેસીંગ, સોલાર સ્ટર્ડસ, સોલાર સ્ટ્રીટ લાઈટ્સ, ગેપિંગ મીડિયમ, ન્યુ ઝીબ્રા કોસિંગ માર્કિંગ વગેરે તમામ જરૂરી કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવા માટે જિલ્લા કલેક્ટરે ખાસ સૂચના આપી હતી.

આ ઉપરાંત જિલ્લામાં આવેલ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ આગળ વિવિધ સાઈન બોર્ડ મૂકવાની કામગીરી, શાળાઓ આગળ પાર્કિંગ સ્પોટ્સ બનાવવા, ટ્રાફિક મેનેજમેન્ટ, શાળા કોલેજોમાં માર્ગ સલામતીના કાયદાઓ અંગે જાગૃતિલક્ષી સેમિનારનું આયોજન વગેરે કામગીરી હાથ ધરવામાં આવશે. જિલ્લામાં તાજેતરમાં ૧૫૦ જનજાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૮૨૦ જેટલા લાભાર્થીઓ સંમિલિત બન્યા હતાં. આ સમીક્ષા બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર બી.એન. ખેર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ભાયા, આરટીઓ કચેરી, જી.આઈ.ડી.સી. કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા હતાં.

## સોના ચાંદીના ભાવ

૧૦૦ ગ્રામ શુધ્ધ સોનું (બિસ્કિટ)
7,73,200
૨૨ કેરેટ દાગીના (૧૦ ગ્રામ)
69,200
તેજાબી સોનું (૧૦ ગ્રામ)
73,550
ચાંદી-૯૯૯ (૧ કીલો)
90,000

## ભાણવડ તાલુકામાં સામૂહિક શ્રમદાન

ખંભાળીયા તા. ૨૪: દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્વચ્છતા અભિયાનની ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાણવડ તાલુકાના ગુંદા, રોજડા તથા હાથલા ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સામૂહિક શ્રમદાન કરી સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

થેલેસેમિયાગ્રસ્ત બાળકોના લાભાર્થે

# સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા રક્તદાન કેમ્પઃ ૪૯ બોટલ બ્લડ એકત્ર

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત અને સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા થેલેસેમિયાગ્રસ્ત બાળકોના લાભાર્થે સૈફી હોસ્પિ. (પાંચ હાટડી)માં રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જી. જી. હોસ્પિટલના સહયોગથી આયોજીત આ કેમ્પમાં ૪૯ બોટલ રક્ત એકત્રીત કરાયું હતું

જામનગર મહાનગરપાલિકાના તંત્રની બલિહારી!

# જન્મ-મરણના દાખલા કઢાવવામાં પણ લાંબી લાઈન!

## આજે માત્ર એક જ બારી ખુલી!

જામનગર તા. ૨૪: જામનગર મહાનગરપાલિકાની જન્મ-મરણના દાખલા કાઢી આપતી શાખા હંમેશા વિવાદમાં રહે છે. આજે એક જ બારી ખુલ્લી હોવાથી અરજદારોની લાંબી કતારો લાગી છે. મહાનગરપાલિકાની જન્મ-મરણના દાખલા કાઢી આપતી શાખામાં આજ સવારથી દાખલા મેળવવા, આવનારા અરજદારોની લાંબી કતારો જોવા મળી હતી. આટલી બહોળી સંખ્યામાં અરજદારો છતા માત્રણ એક જ બારી ખોલવામાં આવી છે. પરિણામે અરજદારો હેરાન-પરેશાન થઈ ગયા છે, અને કમિશનરને દરમિયાનગીરી કરવા માંગણી કરી રહ્યા છે.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

થયો હોવાથી આ પ્રકારની જટિલતા સર્જાઈ હોવાનું કહેવાય છે. વિદ્યાર્થીઓના આધારકાર્ડ અને રેશનકાર્ડના પરસ્પર લિન્કીંગ પછી વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ ખોલાવીને તેનું પણ લિન્કીંગ કરાવવું પડે, તો જ સ્કોલરશીપ મળે તેવા મનઘડંત નિયમો બનાવાયા હોવાની આલોચના પણ થઈ રહી છે.

જો રેશનકાર્ડમાં વિદ્યાર્થીનું નામ ન હોય, તો તે ચઢાવવા મામલતદાર કચેરીમાં જવું પડે, જો વિદ્યાર્થીનો પરિવાર રેશનકાર્ડ ધરાવતો જ ન હોય, તો તેને નવું રેશનકાર્ડ કઢાવવાની અઘરી પ્રક્રિયા કરવી પડે. બેંકમાં એકાઉન્ટ ખોલાવવું પડે. આધારમાં ન હોય તો વિદ્યાર્થીએ આધારકાર્ડ કરાવવું પડે અને તે બધાનું પરસ્પર લિન્કીંગ કરાવવું પડે. આવકનો દાખલો કઢાવવા અલગથી ધક્કા ખાવા પડે, અને તે પછી જ આ નાના-કુમળી વયના બાળકોને શિષ્યવૃત્તિ કે સ્કોલરશીપ મળે, તેવા નવા નિયમોથી સર્જાયેલી વિકટ સ્થિતિની કડવી વાસ્તવિકતા રાજ્યના કોઈ જિલ્લાના નાનકડા ગામના વિદ્યાર્થીએ આ રીતે ઉજાગર કરી હોવાની ચર્ચા સોશ્યલ મીડિયામાંથી હવે શિક્ષણ જગત તથા રાજકીય વર્તુળો સુધી પણ પહોંચી ગઈ છે.

સરકારની ઘણી યોજનાઓમાં કારણ વગરની જટિલતાઓ ઊભી કરવામાં આવી રહી છે. શિષ્યવૃત્તિ, સ્કોલરશીપ કે અન્ય યોજનાઓમાં થતો કથિત ભ્રષ્ટાચાર અટકાવવા ટ્રાન્સપરન્ટ સિસ્ટમ હોય, તે જરૂરી છે, પરંતુ એ સિસ્ટમો એટલી જટિલ પણ ન હોવી જોઈએ કે જેથી મળનાર નાણાકીય લાભો જ ધક્કા ખાવા અને પોતાનું રોજ (દૈનિક રોજગારની આવક) ગુમાવવાના કારણે સવાહા થઈ જાય...!

મોટા મોટા ઉદ્યોગપતિઓને કોઈ પણ નક્કર ગેરન્ટી વગર કરોડો-અબજો રૂપિયાના ધિરાણો આપી દેતી ઘણી બેંકો પણ વિદ્યાર્થીઓ-વાલીઓને સ્કોલરશીપ, શિષ્યવૃત્તિ કે સરકારી યોજનાની નાનકડી સહાય માટે ખાતું ખોલાવવું હોય, ત્યારે સહયોગ આપતી હોતી નથી અને ધક્કા ખવડાવે છે, તેવી ફરિયાદો પણ ઊઠતી હોય છે, જ્યારે બાંગલાદેશમાં સત્તા પરિવર્તન પછી રાતોરાત જરૂરી મંજુરીઓ આપીને જાયન્ટ ઉદ્યોગપતિને ઊર્જાનું વૈકલ્પિક માર્કેટ આપી દેવાય છે, તે શું સૂચવે છે?

ડિજિટલ ગુજરાતની સાઈટના ધાંધિયા, વારંવાર એરર, સર્વર ડાઉનની રોજીંદી તકલીફ અને અન્ય સિસ્ટોમેટિક ખામીઓના કારણે શિષ્યવૃત્તિની દરખાસ્તોની એન્ટ્રી પાડવામાં પણ વિલંબ થતો હોય છે. ઈ-કેવાયસીની પ્રક્રિયા હેઠળ આચાર્ય કે ટિચર્સ (શિક્ષકો) દ્વારા એપ ઓપન કરવામાં આવે, અને વિદ્યાર્થી-વાલીની મોબાઈલ ફોનમાં તેનો ઓટીપી આવે, તે પછી તેના આધારે આધારકાર્ડનું કેવાયસી થાય, અને તેના વિકલ્પો વાંચીને રેશનકાર્ડના નંબર દાખલ કર્યા પછી ફરીથી વિદ્યાર્થીના વાલીના મોબાઈલમાં તેનો ઓટીપી આવે, તે પછી તો રેશન કાર્ડમાં પરિવારના જેટલા સભ્યો હોય, તેમાંથી અભ્યાસ કરતા બાળકોના ફોટા કેપ્ચર કરવા, તેની સાથે આધાર અને રેશનકાર્ડ તથા બેંક એકાઉન્ટની વિગતો મેચ થાય, તે પછી જ ઈ-કેવાયસી સંપન્ન થાય અને વિદ્યાર્થીની દરખાસ્ત સબમીટ થાય. આટલી જટિલ પ્રક્રિયા જો કરોડોના ધિરાણો આપતી વખતે બેંકો અપનાવતી હોત કે અબજો રૂપિયાના કોન્ટ્રાક્ટો આપતી વખતે સરકારો અપનાવતી હોય તો કદાચ વિજય માલિયાઓ, નિરવ મોદીઓ, મેહુલ ચોક્સીઓ જેવા ફ્રોડ થયા જ ન હોત, ખરૂં કે નહીં?

ઘણી વખત તો વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માત્ર દોઢ-બે હજારની મળવાની હોય અને તેના વાલીઓને બેંકો પાંચેક હજાર રૂપિયાની રકમ જમા કરાવવાથી જ ખાતુ ખુલે તેવું જણાવતી હોવાની રાવ પણ સંભળાતી હોય છે.

સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા વિદ્યાર્થીના પત્ર અને તેના અનુસંધાને થતી ચર્ચાની હકીકત જે હોય તે ખરી, પરંતુ આ જ પ્રકારની જટિલતાનો સામનો વયોવૃદ્ધ પેન્શનરો, વિધવા-સહાય કે દિવ્યાંગોની સહાય મેળવતા બુઝુર્ગો તથા પેન્શનરના મૃત્યુ પછી કુટુંબ પેન્શન માટે ટળવળતી વિધવા બહેનો તથા પરિવારોને પણ કરવો પડતો હોય છે. એવું કહેવાય છે કે શિષ્યવૃત્તિ, સ્કોલરશીપ જેવી યોજનાઓની પ્રક્રિયા સરળ કરવા પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘે રાજ્યના શિક્ષણ મંત્રી સુધી રજૂઆતો પણ કરી છે, અને ઓનલાઈન પ્રક્રિયાની તકલીફો શાળા સંચાલક મંડળે પણ રજૂ કરી છે. જોઈએ, હવે સરકાર કેવા કદમ ઊઠાવે છે તે...!